ગાંધીનગર સમાચાર
તા. ૨-૩-૨૦૧૫, સોમવાર

તંત્રી સ્થાનેથી....

જેટલીનું રહસ્યમય બજેટ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મંત્રીમંડળમાં ગૃહમંત્રી રાજનાથસિંહ ભલે 'નંબર ટુ'નું સ્થાન ધરાવતા હોય પરંતુ મોદી જેમને 'માસ્ટર સ્ટ્રેટેજિસ્ટ' તરીકે અને 'ફ્રેન્ડ ફિલોસોફર એન્ડ ગાઇડ' ગણી સલાહકાર સ્વરૂપે સ્વીકારે છે એ છે અરૂણ જેટલી. પાર્ટીને આજની સ્થિતિએ પહોંચાડવામાં એમનો ખૂબ જ નોંધપાત્ર ફાળો રહ્યો છે તે જ રીતે મોદીને એમની સામેના જટિલ આક્ષેપોમાંથી સિફ્તપૂર્વક ઉગારવામાં પણ જેટલીની બૌદ્ધિક ક્ષમતા અને વકીલ તરીકેનો અનુભવ ખપ લાગ્યો હતો. પાર્ટીમાં મોદીના પ્રબળ સમર્થક અરૂણ જેટલી સંઘની પૃષ્ઠભૂમિ નહીં ધરાવતાં હોવા છતાં પાર્ટી માટે અનિવાર્ય બની રહ્યા છે તે એમની વિચારધારા પ્રત્યેની વફાદારીને કારણે તથા ખરી કસોટી વેળાએ પાર્ટીને હેમખેમ ઉગારી લેવાની વિશિષ્ટ આવડતને કારણે. આથી 'માસ લીડર' નહીં હોવા છતાં પાર્ટીના શીર્ષસ્ત નેતૃત્વમાં એ હંમેશા આદરભર્યું સ્થાન ભોગવતા રહ્યા છે. પાર્ટી બહાર ઘણા આગેવાનો સાથે એમના મધુર સંબંધો હોઇ તેઓ 'ટ્રબલ શૂટર'ની ભૂમિકા પણ ભજવતા રહ્યા છે. ગુજરાતમાંથી સતત ત્રીજી ટર્મ માટે રાજ્યસભાનું પ્રતિનિધિત્વ કરી રહેલ જેટલી અમૃતસરમાં ભાજપના ઉમેદવાર તરીકે સાનુકૂળ સંજોગોમાં પણ જીતી નથી શક્યા, તે એમની મોટી મર્યાદા છે. પરંતુ એમની વિચક્ષણ બૌદ્ધિકતાને કારણે મોદી મંત્રીમંડળમાં તેઓને સંરક્ષણ અને નાણાં જેવાં ગંજાવર ખાતાં સોંપવામાં આવ્યાં હતા. એમને સામે ચાલીને સંરક્ષણ ખાતું છોડી દીધું ત્યારે એમને માહિતી અને પ્રસારણ તથા કોર્પોરેટ અફેર્સ જેવી વધારાની જવાબદારીઓ સોંપીને મોદીએ એમની શક્તિનો પૂરેપૂરો કસ કાઢવાનું વલણ દાખવ્યું હતું. જેટલીના બજેટને મીડિયા ભલે 'મોદીનું બજેટ' કહી વખાણે કે વખોડે, હકીકતમાં એ શુદ્ધ રીતે જેટલીનું જ બજેટ છે. જેટલી પાસે અર્થશાસ્ત્રની ઊંડી સૂઝ છે તેથી તેઓ સરકારની તિજોરી કેવી રીતે ભરાય એનું આયોજન કરી શક્યા છે તો બીજી તરફ ભાજપની મૂડીવાદી અર્થનીતિને અનુરૂપ કોર્પોરેટ ક્ષેત્રને રાજી કરવામાં સફળ નીવડ્યા છે. મધ્યમ વર્ગ એમની પાસે ઇન્કમટેક્સ માટેની રાહતોની રાહ જોતો બેઠો હતો, એને એમણે સિફ્તપૂર્વક ડિંગો બતાવી દીધો છે. એમણે બચત કરવા પર ભાર મૂક્યો છે અને સોનાનાં બોન્ડ તથા સુવર્ણ ધાતુ ખાતાનો વિચાર રમતો મૂકી એ ડેડ ઇન્વેટ્સમેન્ટને જીવંત કરવાનો પ્રયાસ કર્યો છે. દેખીતું છે કે એમાં ક્યાંય ગરીબો માટેની ચિંતા દેખાતી નથી. અલબત્ત, મોદીએ એક દિવસ અગાઉ જ પેપર ફોડી દીધેલું એમ 'મનરેગા' યોજનાને યુપીએ સરકારની નિષ્ફળતાના સ્મારક તરીકે ચાલુ રાખી છે. જેટલી માને છે કે સમૃદ્ધ લોકો કમાશે તો ગરીબોને મદદ કરી શકશે. માટે એમને સમૃદ્ધ વર્ગની અનુકૂળતાઓનું વિશેષ ધ્યાન રાખ્યું છે. નાણાંમંત્રી અને વડાપ્રધાને દાવો કર્યો છે કે 'કાણાં નાણાં' રાખનારને સીધા જ જેલના સળિયા પાછળ ધકેલી દેવાશે - એવો કાયદો લાવવાની વાત પણ હાસ્યાસ્પદ લાગે છે. સરકારી તિજોરીમાં વધુમાં વધુ નાણાં ઠલવાય તે માટે સર્વિસ ટેક્સ વધારીને ૧૪ ટકા કરી નાખ્યો છે, એથી મોંઘવારી પણ વધશે. અરૂણ જેટલીએ નોકરિયાત વર્ગને અને મધ્યમવર્ગને નારાજ કરવાની હિંમત દાખવી છે પરંતુ બીજી તરફ જ્યાં આગામી સમયગાળામાં ચૂંટણી આવી રહી છે ત્યાં બિહાર જેવા પ્રદેશમાં વિશિષ્ટ પ્રકારનું પેકેજ પણ આપ્યું છે. આઇઆઇટી અને આઇઆઇએમ જેવી રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓની લહાણી કરીને એમને યુવા વિદ્યાર્થી વર્ગને ખુશ રાખવા કોશિશ કરી છે તો 'નિર્ભયા ફંડ' થકી મહિલાઓને અને જનધનયોજના ઉપરાંત બેંકોમાંથી સરળતાથી લોન મેળવવાની સુવિધા કરી આપી ખેડૂતોને ખુશ કર્યા છે. સાતમા પગારપંચની લાલચ આપી નોકરિયાતોને રાજી રાખ્યા છે. મોદી જેટલીના બજેટ પર ઓળઘોળ હોય તે સ્વાભાવિક છે, પરંતુ પ્રજાને એથી ભારે નિરાશા સાંપડી છે.

માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવાયો

વિજ્ઞાન પ્રદર્શન અને આર્ટ-ક્રાફ્ટ પ્રદર્શન યોજાયા : રેડક્રોસના સહયોગથી રક્તદાન શિબિર યોજાઈ : ૫૦ બોટલ રક્ત એકત્ર કરાયું

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના સે. ૨૧માં આવેલ માઉન્ટ કાર્મેલ શાળામાં તા. ૨૮મી ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય વિજ્ઞાન દિન નિમિત્તે વિજ્ઞાન પ્રદર્શન, આર્ટ એન્ડ ક્રાફ્ટ પ્રદર્શન તથા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજ્ઞાન પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા પ્રારંભિક ૩૦૦ પ્રોજેક્ટ્સમાંથી પસંદ કરાયેલ ૭૭ પ્રોજેક્ટ્સ રજુ કરવામાં આવ્યા હતા. રક્તદાન શિબિરમાં કુલ ૫૦ લોકોએ રક્તદાન કર્યું હતું.

માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલના વિજ્ઞાન પ્રદર્શનમાં ધોરણ ૬ થી ૯ માં ભણતા વિદ્યાર્થીઓએ ખંતપૂર્વક વિજ્ઞાનના વિવિધ ૩૦૦ પ્રોજેક્ટ્સ તૈયાર કર્યા હતા. શાળામાં તા. ૨૬મી ફેબ્રુઆરીથી વિજ્ઞાન સપ્તાહ ઉજવવામાં આવી રહ્યું હતું તે અંતર્ગત આ પ્રોજેક્ટસ તૈયાર કરાયાં હતા. જેમાંથી પસંદ કરાયેલા ૭૭ પ્રોજેક્ટસને વિજ્ઞાન પ્રદર્શનમાં પ્રસ્તુત કરાયા હતા. આ પ્રોજેક્ટસમાં વિદ્યુતને લગતા અથર્કવેક એલર્ટ, આઈઆર રીમોટ સ્વીચ, હાઈડ્રોલિક જેસીબી, સ્પીડ બ્રેકર વડે વિદ્યુતનું ઉત્પાદન, વરસાદીય પાણીનો જળ સંચય, હાઈડ્રોપોનિક્સ ખેતી, ટેરેસ ગાર્ડન, ટેટુ મશીન, ફ્લાવર ફાઉન્ટેન, સ્માર્ટ સોલાર સીટી વગેરેનો સમાવેશ થાય છે.

વિજ્ઞાન પ્રોજેક્ટના નિર્ણાયક તરીકે જયેશભાઈ મેવાડા, પ્રજ્ઞેશ જાની, મોનિકા બીજલાની, ડૉ. પૂનમસિંગ, વિક્ટર ક્રિસ્ટી, અલમાઝ શેખ તથા મોનાલી લોયાએ ફરજ બજાવી હતી. આર્ટ એન્ડ ક્રાફ્ટ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ સમગ્ર વર્ષ દરમ્યાન ખીલવેલ હસ્તકળાના આધારે બનાવેલ ચીજવસ્તુઓનું પ્રદર્શન કરાયું હતું. આ ઉપરાંત ઈન્ડીયન રેડક્રોસના સહયોગથી શાળામાં યોજાયેલ રક્તદાનમાં ૫૦ લોકોએ રક્તદાન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા આચાર્યા સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ શિક્ષકગણે ભારે જહેમત ઉઠાવી હતી.

જે.બી. પ્રાથમિક શાળામાં બાળ વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

બે દિવસીય પ્રદર્શનમાં ૧૮૦ બાળકો દ્વારા તૈયાર કરાયેલ ૯૪ પ્રોજેકટ રજૂ કરાયા : શહેરોની ૨૦ શાળાઓ જોડાઈ : પચાસ હજારથી વધુ લોકોએ લાભ લીધો

ગાંધીનગર, તા.૧

સેકટર-૨૩ જે.બી. પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલા ૯૪ જેટલા પ્રોજેકટનું પ્રદર્શન યોજાયું હતું. ૧૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે.બી. પ્રાથમિક શાળા દ્વારા શહેરની ૨૦ શાળાઓને આમંત્રણ અપાયું હતું. વિદ્યાર્થીઓના માતા પિતાને પણ આમંત્રણ અપાયું હતું.

ગાંધીનગર સેકટર-૨૩ સ્થિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં બાળ વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. પ્રદર્શન શાળા ખાતે બે દિવસ સુધી ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય નિવા પટેલના જણાવ્યા મુજબ બાળ વિજ્ઞાન પ્રદર્શનમાં ૯૪ પ્રોજેકટ મુકવામાં આવ્યા હતા જેમાં ૧૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

પ્રદર્શનમાં શાળાના વિદ્યાર્થીએ કેનાલ ઉપર સોલર પ્લેટ ગોઠવી પાણીનું બાષ્પીભવન અટકાવવું અને તેમાંથી વિજળી ઉત્પન્ન કરવા માટેના પ્રોજેકટે ખુબ જ આકર્ષણ જમાવ્યું હતું. પ્રદર્શન નિહાળનાર વાલીઓએ આ પ્રોજેકેટના ભારો ભાર વખાણ કર્યા હતા.

તેમજ ફરતો બગીચો, ઈલેકટ્રીક જનરેટર, મીઠાના પાણીમાંથી વિદ્યુત ઉત્પન્ન કરવું, ઓટોમેટીક ટ્રાફિક સિગ્નલ, પાણીથી ચાલતી લીફટ સહિત ૯૪ પ્રોજેકટનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જે.બી. પ્રાથમિક શાળાના આંગણામાં પ્રદર્શન બે દિવસ સુધી ચાલ્યું હતું. જેનો ૫૦ હજારથી વધુ લોકોએ લાભ લીધો હતો.

બે દિવસ સુધી વિદ્યાર્થીઓએ વિવિધ પ્રોજેકટનું જ્ઞાન આપી સંદેશો આપ્યો હતો. પ્રદર્શનમાં જોડાવા માટે શહેરની ૨૦ શાળાઓને સહભાગી થવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે જે.બી. પ્રાથમિક શાળામાં સૌથી વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે અને તે શાળા અને પાટનગર માટે ગૌરવની વાત છે.

કેનાલ ઉપર સોલાર પ્લેટ ગોઠવી પાણીનું બાષ્પીભવન અટકાવી વિદ્યુત ઉત્પન્ન કરવા માટેનો પ્રોજેકટ તૈયાર કરનાર હર્ષ પટેલ અને જય કરેગિયાએ જણાવ્યું હતું કે આ પ્રોજેકટ બનાવવા માટે અમને એક મહિના જેટલો સમય લાગ્યો હતો. પ્રોજેકટ મારફતે અમે વિજળી ઉત્પન્ન કરવાનો સંદેશો પાઠવીએ છીએ.

વધુમાં જણાવ્યું હતું કે હાલના તબક્કે નર્મદા કેનાલમાં આત્મહત્યાના બનાવો ખૂબ જ વધવા પામ્યા છે. ત્યારે કેનાલ ઉપર સોલર પ્લેટ ગોઠવવાથી કેનાલ ઢંકાયેલી રહેશે તેમજ આત્મહત્યાના બનાવો ઘટશે અને વિજળી મળશે.

એસ.ટી. ડેપો ખાતે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા. ૧

છેલ્લા કેટલાંક દિવસોથી રાજ્યમાં પ્રસરેલી સ્વાઈન ફ્લુની બિમારી વધુ ન ફેલાય અને અગમચેતીના પગલારૂપે તેને અટકાવવા માટે ગાંધીનગરની સામાજિક સંસ્થા શ્રી સંત બળદેવ સેવા ટ્રસ્ટ, ગાંધીનગરે શહેરની જાહેર જનતા માટે આયુર્વેદિક ઔષધિઓમાંથી બનાવેલ ઉકાળો વિનામુલ્યે પીવડાવવાની સેવા શરૂ કરી છે. પ્રથમ ચરણરૂપે હાલ ગાંધીનગર એસ.ટી. બસ સ્ટેન્ડ (પથિકાશ્રમ) કમ્પાઉન્ડમાં શરૂ કરવામાં આવેલ આ સેવા કેન્દ્રનો છેલ્લા કેટલાક દિવસોથી અસંખ્ય પ્રજાએ લાભ લીધેલ છે. જેથી હજુ પણ આ વિનામૂલ્યે ઉકાળાની સેવાનો લાભ મેળવવા એસ.ટી. ડેપો, ગાંધીનગર ખાતે (સવારે ૯.૦૦ થી ૧૨.૦૦) કલાક સુધી) સેવાકેન્દ્રનો લાભ લેવા સંસ્થાના પ્રમુખ જેરામભાઈ સોલંકી અને મંત્રી રમેશભાઈ સોલંકીએ પ્રજાજોગ અપીલ કરી છે.

વાવોલ શિવકથામાં આજે વિવિધ પ્રસંગો યોજાશે

વાવોલ હરિનગરના ચોકમાં સંજય ભારતીબાપુની વ્યાસપીઠે ત્રિદિવસીય શિવકથાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે કથાના બીજા દિવસે આજે સોમવારે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ દરમિયાન માતાજી પ્રાગટય, હિંડોળા દર્શન અને બાર જયોર્તિલીંગ પ્રાગટય પ્રસંગ યોજાશે.

હરિની દૃષ્ટિ...

નાહકનો સર્વિસ ટેક્સ વધાર્યો છે... રેગ્યુલર લેવલે સુટની નિલામી રાખે તો બધુ જ સોલ્વ થઇ જાય એમ છે... !!

જે.એમ. ચૌધરી શાળામાં વિજ્ઞાન દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૧

સેકટર-૭ જે.એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલયની ધોરણ-૯ની વિદ્યાર્થીનીઓએ વિજ્ઞાન દિવસની ઉજવણી કરી હતી. વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. સ્વાઈન ફ્લુ ભયને સ્થાન નથી, દારૂ દારૂડિયાને પીવે છે, બીડી સ્વર્ગની સીડી વિષય પર નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. પ્રદુષણ હટાવો પૃથ્વી બચાવો, નાશપ્રાપ્ય વન્યજીવો વિષય પર ચિત્ર સ્પર્ધા, પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્ત્રોત વિષય પર રંગોળી સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં ધોરણ-૯ની તમામ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

રંગોલી સ્કુલમાં ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા.૧

સેકટર-૭ સ્થિત રંગોલી પ્રિ સ્કુલ અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા આજ રોજ સોમવારે સવારે ૯ થી ૧૦ સુધી સ્વાઈન ફ્લુ રોગ સામે રક્ષણ આપતા ઉકાળાનું વિતરણ સ્કુલ ખાતે કરવામાં આવશે.

સેન્ટ ઝેવિયર્સ સેકટર-૮ ખાતે એક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૫ વખત રકતદાન કરનાર સુકેતુ મહેતાને શુભેચ્છા આપવામાં આવી હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

ઘટનાઓ, બાબતો, નાની-નાની અણસમજોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને લગ્ન વિષયક સમસ્યાના મૂળ સુધી પહોંચી શકાય છે...

મહિલા સમાજ અને કાયદા

- ડો. ભાવના કે. જોશીપુરા

પતિ-પત્નિ વચ્ચેની તકરારમાં જે અનેક પ્રકારના અલગ -અલગ કેસો દાખલ કરવામાં આવે છે તે બાબતે આપણે ચર્ચા કરી રહયા હતા. કેટલીક વાર નાની બાબતનો ઝઘડો અથવા તો નાની અણસમજ પણ બહુ મોટું સ્વરૂપ લઈને પતિ-પત્નિ વચ્ચે ઉડી ખાઈ ઉભી કરી દે છે.

માનવીય સ્વભાવ સંદર્ભે પણ અભ્યાસ કરવો જરૂરી છે. જે વ્યકિત એકબીજાને ચાહતા હોય અને બંનેના કુટુંબીઓની વિરૂધ્ધમાં જઈને પણ 'પ્રેમલગ્ન' કરે તેઓ બંને વચ્ચે જયારે મતભેદો ઉભા થાય ત્યારે જાણે ભવેભવના દુશ્મનો હોય તે પ્રકારે લડત ચાલુ કરી દેતા હોય છે. આવુ કેમ બને છે? પ્રેમ, ચાહત, લાગણી, સંવેદના, એકબીજા પ્રત્યે મરી ફીટવાની ભાવના આ બધું કયાં જતુ રહે છે? એવું તે શું બને છે કે બે વ્યકિત એકબીજાનાં દુશ્મન હોય તેવું વર્તન કરે છે?

હંમેશા એવો વિચાર આવે કે તેઓ એકબીજા ચાહતા હતા તેઓ જ એકબીજાને ધુત્કારે છે. તો પછી ફરીથી એકબીજા ચાહવા તરફ કેવી રીતે વાળવા? ચાહતથી દ્વેષભાવની યાત્રામાં કયા પરીબળોએ ભાગ ભજવો? બધી જ બનેલી ઘટનાઓ, બાબતો, નાની નાની અણસમજો આ બધી બાબતોનો ઉડાણપૂર્વક અભ્યાસ કરીને લગ્ન વિષયક સમસ્યાના મૂળ સુધી પહોંચી શકાય છે. આપણે મમતા અને અંકુરના ઉદાહરણથી જ આ બાબત સમજવાનો પ્રયત્ન કરી છે.

આપણે જોયું કે મમતાને અંકુર તેડી જવા માંગતો નથી અને મમતા તથા તેનાં ઘરનાં સભ્યો આવેશમાં આવી જઈને અંકુરના ઘરના તમામ સભ્યો ઉપર ફોજદારી કેસ દાખલ કરે છે. જે નણંદ-નણંદોઈ સાથે મમતા રહી જ નથી તેઓને આરોપીઓ બનાવી દેવામાં આવે છે, જે જેઠાણીએ તેણીને સાસરીયામાં સેટલ થવા બાબતે મદદ કરી છે તે જેઠાણીને પણ આરોપી બનાવાય છે. એટલું જ નહીં અંકુરના ઘરના સગા મામા-મામી વિગેરે કે જેઓએ મમતા અને અંકુરને સમજાવવા બાબતે પ્રામાણિક પ્રયત્નો કર્યા છે તેઓને પણ ફરીયાદમાં આરોપીઓ તરીકે નામ સામેલ કરવામાં આવે છે. અંકુરની માતા એટલે કે મમતાના સાસુ કે જેઓ વૃધ્ધ છે અને બિમારીથી ઘેરાયેલા છે તેઓને પણ આરોપી તરીકે જોડવામાં આવેલ છે. આવું બધુ બનવાને કારણે અંકુરના ઘણા સભ્યો કે જેઓ મમતા પ્રત્યે થોડી ઘણી લાગણી ધરાવતા અને મમતા પ્રત્યે સંવેદનશીલ હતા તેઓ પણ ખૂબ જ વ્યથિત થાય છે. જે વ્યકિતઓ પતિ-પત્નિ વચ્ચેની તકરારનો નિકાલ લાવવા માંગતા હતા તેઓ આરોપી બનતા તેઓ બધા જ મમતા સાથે વાત પણ ન કરવી તેવો મનોમન નિર્ણય કરે છે. હવે તો બધાએ પોલીસમાં હાજર થવું જ પડશે અને પોલીસ લઈ જવાની બીકે બંને વચ્ચેના સંબંધોમાં તિરાડ ઉભી થવાની શરૂઆત કરે છે.

ખેર! અંકુર અને તેનાં તમામ ઘરના સભ્યોએ પણ વકીલ રોકીને પોલીસમાં હાજરમાં થવું અને કોર્ટ સમક્ષ જામીન અરજી કરીને કોર્ટમાંથી જામીન ઉપર મુકિત મેળવવી એ પ્રાથમિક બાબત બને છે. હવે બંને પક્ષે સામસામે લડવાની તૈયારી થઈ ચૂકી છે.

અંકુરના મામા-મામી પોલીસ સ્ટેશનમાં જયારે ફોટા પાડે અને આંગળાના નિશાન લે તે સમયે સાવ જ ભાંગી પડે છે. મામા-મામીને પોલીસ સમક્ષ એવું લાગે છે કે જાણે તેઓએ કોઈ ગંભીર ગુનો કરી દીધો હોય તેમ તેઓનો ફોટો લઈ રહયા છે. પોલીસમાં ફરીયાદ થાય પછી આરોપીઓના ફોટા પાડવા અને અંગુઠા - આંગળાના નિશાન લેવા તે એક સામાન્ય રોજીંદી કાર્યવાહી છે તેવું પોલીસ અધિકૃત પણ વારંવાર મામા-મામીને સમજાવે છે. પરંતુ ફરીથી કહુતો આ એક માનવીય સ્વભાવ છે. મામા-મામીને એમ થાય છે કે આપણે વગર વાંકે આરોપી બની ગયા છીએ. અંકુરના બેન-બનેવી અંકુર સાથે તો સંબંધ રાખવા માંગતા નથી અને હવે મામા-મામી પણ નક્કી કરે છે કે હવે અંકુર બાબતે કોઈ પણ બાબતમાં રસ લેવો નહીં. મમતા - અંકુર લગ્નજીવન સંદર્ભેની તકરારમાં કુટુંબમાં પણ આંતરિક પ્રશ્નો ઉભા થાય છે.

અંકુરના ઘરના સભ્યોનાં જામીન અપાઈ જાય છે. ફરીયાદ થયા પછી ચાર્જસીટ દાખલ થાય અને કેસ ચાલવા પર ઘણા લાંબા સમયે આવે છે. મમતાની ફરીયાદ દાખલ થઈ જાય છે. અંકુર તરફે પણ શાંતિ છે, મમતા તરફે ફરીથી સમાધાન અંગેની વાતચીત ચાલુ કરવા પ્રયત્ન થાય છે પરંતુ અંકુરના ઘરના સભ્યો પોલીસ કાર્યવાહીથી નારાજ છે જવાબ દેતા નથી. મમતા નારાજ થઈને ફરી કેસ દાખલ કરે છે.

મમતા અંકુરના કુટુંબની સંયુકત મિલકત વેચાણ ન થાય તે સંદર્ભે અદાલતમાં દાવો કરે છે. મમતા એમ જણાવ છે કે મમતાનો અને તેણીનાં દિકરાનો એ સંયુકત મિલકતમાં હકક અને અધિકાર છે. તે અને તે રીતે તમામ મિલકતો સંદર્ભે દાવો દાખલ થાય છે. ફરી પાછા કુટુંબમાં તમામ સભ્યોને આ દાવામાં જોડવામાં આવે છે અને તે રીતે બંને વચ્ચે અરસપરસ કેસો ચાલુ થાય છે.

મમતા અંકુર સામે પોતાની જાતે તેમજ બાળકના ભરણપોષણ સંદર્ભે દાવો દાખલ કરે છે તો, આમ મમતાએ દાખલ કરેલા કેસોનું મૂલ્યાંકન કરીએ તો,

૧. મમતાએ તેનાં પતિ તથા કુટુંબીઓ સામે સસારીપક્ષ તરફથી ત્રાસ તેમજ સ્ત્રીધન તથા કરીયાવર અંગે ફરીયાદ દાખલ કરી છે.

૨. મમતાએ તેના સાસરીપક્ષની વડીલોપાર્જીત ખેતીની જમીન-ઘર-મિલકતો વગેરે સાસરીપક્ષમાં તમામ સભ્યો વેંચાણ ન કરી શકે તેવો મનાઈ હુકમનો દાવો દાખલ કરેલ છે.

મમતાએ આ જ દાવામાં મમતાનો તથા બાળકનો હક્ક-હિસ્સો પણ માંગેલ છે.

૩. મમતાએ પોતાની જાતે તથા બાળકના ભરણપોષણના સંદર્ભે અરજી કરી છે .

મમતા અને અંકુરના કેસમાં આગળ શું થયું તે અંગે વધુ વિગત સાથે મળીએ આવતે અંકે...